## એલર્ટને પગલે એસ.ઓ.જી.નું સરપ્રાઈઝ ચેકીંગ : ૧૪ દરોડા

### બે દિવસમાં સીસીટીવી કેમેરા ન લગાડનાર ૧૪ દુકાન, ગેસ્ટહાઉસ, કોમ્પ્લેક્ષ અને હોટલ માલિકો સામે ગુના દાખલ

ગાંધીનગર, તા.૭

આતંકવાદી હુમલાની દહેશતના આઈ.બી.ના ઈનપુટને પગલે સમગ્ર રાજયમાં એલર્ટ જારી કરી દેવામાં આવ્યું છે ત્યારે ગાંધીનગર જિલ્લા એસ.ઓ.જી. દ્વારા અલગ અલગ હોટલ, ગેસ્ટહાઉસ, કોમ્પ્લેક્ષો અને દુકાનોમાં આકસ્મિક ચેકીંગ ગોઠવીને જાહેરનામા મુજબ સીસીટીવી કેમેરા વગરના એકમો તપાસ્યા હતાં. ૧૪ વિવિધ સ્થળોએ દરોડા પાડીને કેમેરા ન લગાડનાર ૧૪ માલિકો સામે જિલ્લા કલેકટરના જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એસઓજી પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી તેમની ટીમે એલર્ટને પગલે જિલ્લાના વિવિધ ખાનગી એકમો પર સુરક્ષા સલામતીના હેતુસર સરપ્રાઈઝ ચેકીંગ કર્યું હતું. ચિલોડા, કલોલ, કુડાસણ, સે-૧૧ સહિતના વિવિધ વિસ્તારોની દુકાનો, ગેસ્ટહાઉસો, કોમ્પ્લેક્ષો અને હોટલોમાં ચેકીંગ કરી સીસીટીવી કેમેરા તથા રેકર્ડની તપાસણી કરવામાં આવી હતી જે પૈકી ૧૪ સ્થળોએ કેમેરા લગાડાયા ન હોવાનું ધયાને આવતા તમામ ૧૪ માલિકો સામે એસઓજીની ટીમે જિલ્લા કલેકટરના જાહેરનામના ભંગનો ગુનો દાખલ કરી કડક કાર્યવાહી હાથ ધરી છે.

# સાસરીયાના ત્રાસથી બે દિકરીઓને લઈને માતાએ કેનાલમાં ઝંપલાવ્યું

### દોઢ વર્ષની અને ત્રણ વર્ષની ફુલ સમી દિકરી સાથે સુઘડ કેનાલમાં પડતું મુકનાર ૨૮ વર્ષની માતા સાસુ, પતિ, જેઠ-જેઠાણીના ત્રાસથી કંટાળી ગઈ હતી : પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૭

જિલ્લાના માણસા તાલુકાના રીદ્રોલ ગામની એક માતા પોતાની બે માસુમ ફુલ જેવી દિકરીઓનેલઈને કેનાલ પાસે પહોંચી ગઈ હતી અનેસુઘડ કેનાલમાં ઝંપલાવીને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. બે દિકરીઓ અને માતાના મૃતદેહને બહાર કાઢી અડાલજ પોલીસે આપઘાતનું કારણ બહાર કાઢવા તપાસ શરુ કરી છે. દરમ્યાન આજે આપઘાત કરનાર પરિણીતાની માતાએ સાસરીયાઓના ત્રાસથી કંટાળીને આપઘાત કર્યો હોવાની ફરિયાદ આપતા તે દિશામાં તપાસ શરુ કરાઈ છે.

મળતી માહિતી પ્રમાણે માણસાના રિદ્રોલ ગામમાં રહેતી ૨૮ વર્ષીય પરિણીતા વર્ષાબેન અશ્વિનભાઈ પરમારના લગ્ન પાંચ વર્ષ પહેલા અશ્વિનભાઈ સાથે થયા હતાં તેમને સંતાનમાં બે દિકરીઓ હતી દોઢ વર્ષની ઝીલ પરમાર અને ત્રણ વર્ષની સૃષ્ટિ પરમાર બંને ફુલ સમી બાળકીને લઈને ગઈ કાલે માતા વર્ષાબેન નીકળી ગઈ હતી અને સુઘડ નર્મદા કેનાલમાં દિકરીઓ સાથે પડતું મુકીને આપઘાત કરી લેતા સન્નાટો મચી જવા પામ્યો છે. આ પ્રકરણમાં મૃતક પરિણીતાની માતા મોતીબેન મોહનભાઈ પરમારની ફરિયાદને આધારે અડાલજ પોલીસે સાસરીયા સામે આપઘાતના દુષ્પ્રેરણનો અને ત્રાસનો ગુનો નોંધી માણસા પોલીસને ટ્રાન્સફર કરી આપ્યો છે પતિ અશ્વિન અમરતભાઈ પરમાર, સાસુ મંજુલાબેન અમરતભાઈ પરમાર તથા જેઠ જેઠાણી ભરતભાઈ અમરતભાઈ પરમાર, કૈલાશબેન ભરતભાઈ પરમાર અને ગીરીશ અમરતભાઈ પરમાર મળીને પાંચ સાસરીયાઓ સામે ગુનો નોંધીને પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.



ભુવનેશ્વર મહાદેવ સેકટર-૬ ખાતે રવિવારે ગણેશયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦૮ લાડુની આહુતિ આપવામાં આવી હતી. ૨૦ યજમાનોએ આ પવિત્ર ગણેશયાગ યજ્ઞમાં ભાગ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## જ્યોતિ મહિલા મંડળ દ્વારા ગણેશ મહોત્સવમાં હલ્દી-કંકુ કાર્યક્રમ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૭

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગર દ્વારા નગરમાં ૪૫ માં ગણેશોત્સવની ઉમંગ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહેલ છે. મહોત્સવના ચોથા દિવસે બપોરે સમિતિ અને જ્યોતિ મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે બહેનો માટે હળદીકંકુ કાર્યક્રમનું આયોજન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી જ્યોતીબેન થાનકી, શ્રીમતી કૌશલ્યાબેન પરીખ, ડૉ. તેજલબેન દલાલ અને શ્રીમતી પ્રજ્ઞાબેન જોષી ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનનો પરિચય શ્રીમતી રક્ષિતાબેન ઉપાધ્યાયએ આપ્યો હતો. ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત શ્રીમતી લત્તાબેન ચોકસી અને સમિતિના પ્રમુખ નિશિત તરીકે ઈન્દુબેન નિમાવત, ઉમાબા સોલંકી અને આરતીબેન ભટ્ટે સેવા આપી હતી. ભજન સ્પર્ધામાં પ્રથમ ફોરમ ગૃપ, બીજા ક્રમે પ્રગતી ગૃપ અને ત્રીજા ક્રમે મટુકી ગૃપ આવ્યા હતા. આરતી સુશોભન સ્પર્ધામાં પ્રથમ સાધનાબેન પટેલ, બીજા ક્રમે નર્મદાબેન પટેલ અને ત્રીજા ક્રમે મીનાબેન શાહ આવ્યા હતા.



કરવામાં આવ્યું હતું.

મહોત્સવના ચોથા દિવસે બપોરે સમિતિ અને જ્યોતી મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે બહેનો માટે હળદીકંકુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ અંતર્ગત બહેનો માટે ભજન સ્પર્ધા, આરતી સુશોભન સ્પર્ધા અને શ્રીફળ સુશોભન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ વ્યાસ દ્વારા કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆતમાં જ્યોતી મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લત્તાબેન ચોકસીએ પ્રાસંગિક પ્રવચન આપ્યુંહતું. ભજન સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતી જશુબેન ખારોડ, શ્રીમતી નિર્મલાબેન બક્ષી અને શ્રીમતી જ્યોત્સનાબેન બુચે સેવા આપી હતી. આરતી સુશોભન અને શ્રીફળ સુશોભન સ્પર્ધામાં નિર્ણાયક

શ્રીફળ સુશોભન સ્પર્ધામાં પ્રથમ ક્રમે નર્મદાબેન પટેલ અને બીજા ક્રમે સાધનાબેન પટેલ રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ ચેતનાબેન બુચ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત સમિતિના મહામંત્રી પ્રવિણ બાલપાંડે અને મંત્રી વિષ્ણુરાવ બાલપાંડે ઉપસ્થિત રહ્યા હતા.




### ચિલોડાની ઓમ લેન્ડ માર્ક શાળામાં રાજયકક્ષાની રમત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે આવેલ ઓમલેન્ડ માર્ક શાળામાં રાજય કક્ષાની રોલ બોલ રોલર, હોકી, ફુટબોલ અને ટેસિસની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. અ સ્પર્ધામાં ૨૯ ટીમોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય ગિરીશભાઈ રાવલ અને ડીએસઓ દ્વારા ખેલાડીઓને આવકારવામાં આવ્યા હતા. ખેલાડીઓને આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્ક ભાગ લઈ રમત ગમત ક્ષેત્રે ખેલદીલીની ભાવના વિકસાવવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## 'વિશ્વાસઘાત' ફિલ્મથી ગુજરાતી ફિલ્મોનો સુવર્ણયુગ શરૂ થયો

### ફિલ્મોમાં સાઉથના ફાઈટ માસ્ટરના સ્ટંટ અને બોલિવુડનો ટેસ્ટ જોવા મળશે : ફિલ્મને ગુજરાતી પ્રેક્ષકો દ્વારા મળી રહેલો અભૂતપૂર્વ પ્રતિસાદ

ગાંધીનગર, તા.૭

ગુજરાતી ફિલ્મોનો બીજો યુગ શરૂ થઈ ગયો છે. ગુજરાતી ફિલ્મોના ચાહકોને હવે ગુજરાતી ફિલ્મો વધુ ગમશે. હાલમાં જ રજૂ થયેલી વિશ્વાસઘાત ફિલ્મને બોલિવુડ ટચ આપવામાં આવ્યો છે. ફિલ્મમાં દિગ્દર્શનથી લઈને ફાઈટ, સાઉન્ડ અને અલગ જ અંદાજમાં હિતુ કનોડિયાએ રોલ ભજવ્યો છે.

ગુજરાતમાં ગુજરાતી ફિલ્મોનો એક જમાનો હતો. નરેશ કનોડિયા, ઉપેન્દ્ર ત્રિવેદી સહિતના કલાકારોની ફિલ્મો જોવા પડાપડી થતી હતી. ત્યારબાદ થોડો સમય ગુજરાતી ફિલ્મો માટે ખરાબ સાબિત થયો. ગુજરાતી ફિલ્મો જોવા વાળો વર્ગ સાઉથ અન બોલિવુડની ફિલ્મો પાછળ ઘેલો થવા લાગ્યો.

ત્યારે ફરીથી ગુજરાતી ફિલ્મોનો સુવર્ણ યુગ શરૂ થયો છે અને આનો તમામ પ્રકારનો શ્રેય ગુજરાતી ફિલ્મ સ્ટાર હિતુ કનોડિયાને જાય છે. હિતુ દ્વારા અભિનિત ફિલ્મ 'વિશ્વાસઘાત' હાલમાં જ રજૂ થઈ છે. આ ફિલ્મમાં દર્શકોને બોલિવુડ અને સાઉથની ફિલ્મોનો ટેસ્ટ જોવા મળ્યો છે. અને દર્શકોએ ફિલ્મની પેટ ભરીને પ્રસંશા કરી છે.

ફિલ્મ વિશે વાત કરતા હિતુ કનોડિયા જણાવે છે કે ફિલ્મમાં ટેકનોલોજીનો ભરપુર ઉપયોગ કરવામાં આવ્યો છે. દર્શકોને એક જ નદી કિનારો, એક જ વડલાની ડળ, નદી કિનારાનું મંદિર અને એજ પાઘડી અને એજ ચણિયાચોળીની છાપ દૂર કરવામાં આવી છે. ફિલ્મનું મોટા ભાગનું શુટીંગ દીવમાં કરવામાં આવ્યું છે અને મેં પોલીસનો અભિનય કર્યો છે.

વિશ્વાસઘાત ફિલ્મ એક સસ્પેન્સ થ્રિલર છે. જેની ફાઈટ સાઉથના ફાઈટ માસ્ટર અને કલાકાર માસ્ટર થ્રીલર મંજુ દ્વારા કરાવવામાં આવી છે. પોલીસ અને ડિટેકટીવના રોલમાં હિતુનો ડાયલોગ 'મેરી હટી તો સબકી ફટી' દર્શકોના મોઢે વારંવાર સાંભળવા મળી રહ્યો છે. ફિલ્મના સંગીતને લઈને વાત કરતા કહે છે કે સંગીતમાં અત્યાધુનિક ટેકનોલોજીની મદદ લેવામાં આવી છે. દરેક દર્શકને ફિલ્મ નિહાળતી વકતે એક એક શબ્દ શુધ્ધ સંભળાય તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે.



ગુજરાતી ફિલ્મના મિલેનિયમ મેગાસ્ટાર નરેશ કનોડિયાએ પણ ફિલ્મના ભારોભાર વખાણ કર્યા છે. તેમણે કહ્યું કે મારા સમયની ફિલ્મો અને વિશ્વાસઘાત ફિલ્મોમાં જમીન આસમાનનો તફાવત છે. આ ફિલ્મમાં હિતુએ ખુબ જ મહેનત કરી છે. દિગ્દર્શન બાપોદરાએ કર્યું છે અને અભિનય હિતુ કનોડિયાએ કર્યો છે. ફાઈટ માસ્ટર થ્રીલર મંજુના સ્ટંટ જોવા મળશે ત્યારે દર્શકોને આ ફિલ્મ ખુબ જ પસંદ આવી રહી છે અને એમ કહી શકાય કે ગુજરાતી ફિલ્મોનો ફરીથી સુવર્ણ યુગ શરૂ થયો છે.

### સરઢવ પાસે સ્થિત ગેસ પ્લાન્ટમાં લીકેજ થતા નાસભાગ મચી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક સરઢવ ગામની સીમમાં આવેલા એચ.પી. ગેસના પ્લાન્ટમાં ગઈકાલે મોડી સાંજે ટેન્કર ખાલી થઈ રહ્યું હતું ત્યારે અચાનક ગેસ લીકેજ થતા નાસભાગ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમને કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ઘટના મોટી દુર્ઘટનાનું સ્વરૂપ લઈ લે તે પહેલા જ પરિસ્થિતિ કાબુમાં લઈ લેવામાં આવી હતી.

### ચૌધરી એમ.એડ. કોલેજમાં શિક્ષકદિનની ઉજવણી

સેકટર-૭ ચૌધરી એમ.એડ. કોલેજમાં શિક્ષક દિનની હોંશભેર ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે યોજાતા શિક્ષક દિવસમાં કોલેજની પ્રશિક્ષણાર્થી બહેનોએ ભાગ લીધો હતો. ભાવિ શિક્ષક બની વિદ્યાર્થીઓને શિક્ષણ પિરસનાર તાલીમાર્થીઓએ આજના દિવસે શિક્ષણનું ભાથું પિરસ્યું હતું. શિક્ષક બનેલ તાલીમાર્થીઓએ વિદ્યાર્થીઓ દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નોના બખુબી જવાબ આપ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા આચાર્યા ડૉ. ભાવનાબેન પટેલ, શિલ્પાબેન પટેલ અને સ્ટાફે સહયોગ આપ્યો હતો.

### ચૌધરી કોલેજમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી

સેક્ટર-૭ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં તા. ૧ થી ૫ સપ્ટેમ્બર દરમિયાન જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. પાંચ દિવસ દરમિયાન કોલેજમાં પોસ્ટર મેકિંગ, નિબંધ લેખન, સ્પર્ધા, સુલેખન સ્પર્ધા, સ્વરચિત કાવ્ય પઠન સ્પર્ધા, દેશભક્તિ ગાન સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, બેટી બચાવો સહિતની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન ડૉ. ઉર્મિલાબેન પટેલના માર્ગદર્શન હેઠળ ડૉ. લીના સ્વાદિયા, પ્રા. ગીતાબેન ચૌધરી અને પ્રા. સોનલબેન મોદીએ સંચાલન કર્યું હતું.

### જાગૃત નાગરિક પરિષદની બેઠક મળશે

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની સપ્ટેમ્બર માસની બેઠક તા. ૮મીને સોમવારના રોજ સાંજે ૫.૦૦ વાગે નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧ ખાતે પ્રમુખ લવજીભાઈ વાડિઆના અધ્યક્ષ સ્થાને યોજાશે. સર્વે પદાધિકારીઓ, સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા મહામંત્રીએ જણાવ્યું છે.

### ચાંદખેડામાં મહિલા ક્રેડિટ સોસાયટીનો શુભારંભ

ગાંધીનગર વસુધા ક્રેડીટ સોસાયટીના કર્તાહર્તા અમૃતભાઈ પરમારનાં માર્ગદર્શન હેઠળ મહિલા ક્રેડીટ સોસાયટી શરૂ કરવાના પ્રયત્નો શરૂ થયા હતા. એક વર્ષની જહેમત બાદ ધી સુવિધા મહિલા ક્રેડીટ એન્ડ સપ્લાય કો.ઓપ. સોસાયટી લી.નું રજીસ્ટ્રેશન થયું જેનો ઉદ્ઘાટન સમારંભ ૨૪-૮-૧૪ના રોજ ચાંદખેડા ખાતે શ્રીમતિ ચંદ્રાબેન શ્રીમાળી (દલિત સાહિત્યકાર)ના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. સમારંભના ઉદ્ઘાટક તરીકે ડૉ. કોકીલાબેન પરમાર તેઓની નાદુરસ્ત તબિયતને લઈ હાજર રહી શક્યા ન હતા જ્યારે મુખ્ય મહેમાન તરીકે ડૉ. સોનલબેન પંડ્યા (પ્રો., જર્નાલિઝમ વિ. ગુજ.યુનિ.) તથા અતિથિ વિશેષ તરીકે શ્રીમતી ગીતાંજલી દેવમણી, શ્રીમતી રંજનબેન પરમાર તથા ડૉ. અંકિતા આર. અમીન હાજર રહ્યા હતા.

### આજે બાપુ નોલેજ વિલેજમાં નવ સંસ્કરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર માણસા હાઈવે પર આવેલ બાપુ નોલેજ વિલેજ કેમ્પસમાં નવ સંસ્કરણ કાર્યક્રમ યોજવામાં આવશે.

શંકરસિંહ વાઘેલા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બાપુ નોલેજ વિલેજ કોલેજ કેમ્પસમાં આજ રોજ સવારે ૯-૦૦ વાગે શંકરસિંહ વાઘેલા બાપુની અધ્યક્ષતામાં નવ સંસ્કરણ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવશે.

આજે સાક્ષરતા દિવસો કોલેજમાં નવો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ શિક્ષણના નવા પ્રવાહમાં ભળે અને જીવન ઘડતરનું જ્ઞાન મેળવી આગળ વધે તે માટે નવ સંસ્કરણ કાર્યક્રમ યોજાશે. જેમાં પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ પ્રોજેકટનું ડેમોસ્ટ્રેશન, મહેમાનોનું સ્વાગત અને વિભાગ-૧ અને ૨નું પ્રદર્શન યોજાશે.




નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ અને ડિરેકટર ઓફ ઈકોનોમીકસ, સ્ટેટીસ્ટીકસ ગર્વમેન્ટ ઓફ ગુજરાત-ગાંધીનગર અંતર્ગત એક દિવસનો રાજય લેવલનો વર્કશોપ પુઝ સ્ટેટીસ્ટીકસ ઈન રીસર્ચનું એનઆઈસીએમ કોલેજ ગાંધીનગરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦થી વધુ એમ.બી.એ. તથા પીએચડીના અલગ અલગ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ડીઓઈએસના ડિરેકટર એસ.કે. હુડા તથા ચીફ ગેસ્ટ તરીકે જનરલ એડી. ડિપાર્ટમેન્ટના જોઈન્ટ સેક્રેટરી એ.ડી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપના અંતે એનઆઈસીએમના ડિરેકટર ડૉ. એસ.ઓ. જુનારે તથા વર્કશોપના કોર્ડીનેટર ડૉ. જીજ્ઞા ત્રિવદીએ સૌનો આભાર વ્યકત કર્યો હતો. સાથે આવા અવનવા વર્કશોપની શૃંખલા હવે આગળ વધતી રહેશે તેવું પણ કેમ્પસના ડિરેકટરે જણાવી કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫
સૂર્યાસ્ત : ૬.૪૯

### તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૬૬ ટકા

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
મેરી કોમ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
મેરી કોમ : ૧૨.૩૦
: સ્ક્રીન-૩ :
સ્ટેપ અપ ઓલ ઈન (૩ડી) (અંગ્રેજી) : ૩.૪૫
ટીનેઝ મુટન્ટ નીન્જા ટર્ટલ્સ (૩ડી) અંગ્રેજી : ૬.૦૦
સ્ક્રીન-૪ :
મેરી કોમ : ૧૦.૦૦
મર્દાની : ૧.૦૦
બે યાર (ગુજરાતી) : ૪.૦૦
પેરુચાઝી (મલયાલમ) : ૭.૦૦
સિંઘમ રિટર્ન્સ : ૯.૪૫
: સ્ક્રીન-૫ :
મેરી કોમ : ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
મેરી કોમ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
એરોપ્લેન વર્સીસ વોલ્કેનો : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫ ૪.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૩ :
મેરી કોમ : ૯.૩૦, ૩.૩૦, ૯.૩૦
રાજા નટવરલાલ : ૧૨.૩૦, ૬.૩૦

### આપની આજ

**મેષ** : શુભ મંગળકાર્યોનો યોગ. લાભનો માર્ગ મોકળો બનતો જણાય. નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ-સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે.અટવાયેલા કાર્યોનું નિરાકરણ આવી શકે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે.

**મિથુન** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. નોકરીમાં પદ-પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ઋણથી મુક્ત થઈ શકો છો. કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાનો યોગ. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**સિંહ** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિની સંભાવના છે. ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ ઉભો થઈ શકે છે.

**કન્યા** : આવકનાં સ્ત્રોતોમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થઈ શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. કુંટબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**તુલા** : સંચિત ધનમાં વૃદ્ધિ થશે. સામાજિક માન-સન્માનમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે.

**વૃશ્ચિક** : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતનનો યોગ. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગને દિવસ આનંદમય રીતે પસાર થશે.

**ધન** : કલાત્મકક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યો થઈ શકે છે. વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

**મકર** : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. નોકરીમાં ઉપરવર્ગના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું.

**કુંભ** : વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ભૂમિ-સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે.

**મીન** : નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય.અનુભવીનું માર્ગદર્શન લેવું. અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે.

### ચિરવિદાય

- સ્વ. નરેન્દ્રભાઈ જશુભાઈ પટેલ (ઉ.વ. ૪૨) મુ. પો. પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર
- શારદાબેન ચંપકલાલ રાવલ (ઉ.વ.૮૫) ૪, ઈન્દ્રધનુષ, વિભાગ-૧, રાંદેસણ, તા.જી. ગાંધીનગર
- સ્વ. જાનકી રમેશ ચંદવાની (ઉ.વ.૬૩) પ્લોટ નં. ૧૦૦૪/૧, સેક્ટર-૨ડી ગાંધીનગર
- સ્વ. અમુબેન કાન્તિલાલ રાણા (ઉ.વ.૭૩) એમ-૪૧/૪૮૫, સત્યમ સોસાયટી, સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ. ઠાકોર ધૂળાજી કચરાજી (ઉ.વ.૬૦) મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર